ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.-Minuets (25) 30th August'13 / ૨૦૧૩ –૧૪/ 123 to 133 તા. ૦૫ / ૦૯ /'૧૩

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૩૦મી ઓગષ્ટ '૨૦૧૩નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૩૦મી ઓગષ્ટ '૨૦૧૩**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પચ્ચીસમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## તારીખ ૩૦મી ઓગષ્ટ ૨૦૧૩નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની પચ્ચીસમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૩૦મી ઓગષ્ટ ૨૦૧૩ને શુક્રવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પચ્ચીસમી બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી ટી.આર.હાથી **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી.એન.દવે. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી જી.એ.બક્ષી. **– સેક્રેટરી**<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

### ૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

ગત તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ની સભાની મિનિટ્સ નોંધ વાંચનની વિગતે કાર્યસૂચિ મુજબ ક્રમાંક: ૫ (૧): અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૫ : દ્વારા, રક્ષા સેવામા કાર્યરત અધિકારી / કર્મચારીની

પાના નંબર : ૨ : પર ચાલુ..

બદલી થતા તેઓના સંતાનોને સંબંધિત અભ્યાસક્રમ અન્વયે પ્રવેશ કાર્યવાહી બાદ પણ પ્રવેશ આપવા સંબંધે થયેલ ઠરાવ અંગે યોગ્ય સુધારણાની જરૂરિયાત જણાયેલ હતી અને તે સંબંધે ભાવનગર યુનિવર્સિટી,ભાવનગરના પરિપત્ર ક્રમાંક : એકેડે/જોડાણ/૮૦૨/૧૪૧૩/૨૦૧૦/ તા. ૨૮/૬/'૧૦મા દર્શાવેલ શરતોએ ચર્ચા હાથ ધરવામા આવતા યોગ્ય સુધારાની જરૂરીયાત જણાયેલ હતી અને તે અન્વયે નીચે મુજબ ફેર ઠરાવ કરવામા આવ્યો.

કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૪: અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૪ : દ્વારા, સેન્ટર ફોર એકસેલન્સ ખાતે મૂકવામા આવેલ સાધનોની માહિતિ દર્શાવતા લેબલ લગવવા અંગે તથા માનનીય મુખ્યમંત્રીશ્રીની મુલાકાત અન્વયે થયેલ ખર્ચ બહાલ રાખવામા આવે છે જે અંગે અનુક્રમે ખરેખર કુલ ખર્ચ રૂા.૨૨૦૦૦/- અને ૨૫૦૦૦/- થયેલ જે અંગે વિગતો આપવામા આવી હતી.

**<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજની સભા કાર્યસૂચિ ક્રમાંક : ૫ (૧): અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૫ : સંબંધે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમો માટે વિદ્યાર્થી પ્રવેશ સંબંધે યુનિવર્સિટી સત્તા ધરાવે છે તેવા અભ્યાસક્રમો માટે ગુજરાત સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રીની રક્ષા સેવામા કાર્યરત અને નિવૃત્ત અધિકારી / કર્મચારીની બદલી થતા નિવૃત્ત થતા તેઓના સંતાનો જો સંબંધિત અભ્યાસક્રમ માટે પ્રવેશ લાયકાત ધરાવતા હોય તો તેઓને યોગ્ય આધાર-પૂરાવા મેળવી પ્રવેશ આપવો અને તે માટે એડમિશન-૧ સીટ સુપરન્યુમરી (પ્રોફેશનલ રેગ્યુલેટરી બોડી કાઉન્સિલ ન હોય ત્યાં) અને ગત તારીખ ૧૫મી જુલાઈ ૨૦૧૦ થી અમલી કરણમા આવે તે રીતે મંજૂર કરવામા આવે છે જયારે અન્ય મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

**૨. છઠ્ઠા પગાર પંચના અમલી કરણ સંદર્ભે તફાવતની રકમના ચૂકવણા બાબત :**

છઠ્ઠા પગારના અમલીકરણ સંદર્ભે ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમનુ ચૂકવણુ કરવા અંગે ગત **તારીખ ૪થી જુલાઈ ૨૦૧૩**ના રોજની સભાની મિનિટ્સ નોંધના **ઠરાવ ક્રમાંક: :૧૯:** અન્વયે ઠરાવવામાં આવેલ તે મુજબ, પત્રક - ૧ અને પત્રક - ૨ મુજબના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમ, ત્રણ હપ્તામા ચૂકવવી જેનો પ્રથમ અને દ્વિતિય હપ્તો કુલ ચૂકવવાપાત્ર રકમના ૪૦% જયારે તૃતિય અને અંતિમ હપ્તો કુલ ચૂકવવાપાત્ર રકમના ૨૦%નો નિયત કરાવામા આવેલ હતો આ હપ્તાઓ માસિક ચૂકવવાપાત્ર હતા, જયારે પત્રક - ૩ મુજબના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમ પૈકી હાલે ૨૦% રકમ ચૂકવવાનુ નિયત કરવામા આવેલ હતુ અને બાકી રહેતી રકમનુ ચૂકવણૂ તે સંદર્ભે સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ અત્રે મળ્યે કરવાપાત્ર બને છે, જેનુ અમલીકરણ જુલાઈ' ૨૦૧૩થી કરવુ તેવુ ઠરાવવામા આવેલ હતું સદર ઠરાવનુ અમલીકરણ થાય તે પહેલા એટલેકે, **તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ની** સભાની કાર્યસૂચિ

પના નંબર :૩ : પર ચાલુ..

મુજબ ક્રમાંક : ૧ : અન્વયે થયેલ ચર્ચા બાદ તારીખ ૪થી જુલાઈ ૨૦૧૩ના બેઠકના ઠરાવ ક્રમાંક :૧૯: મા સુધારો કરવામા આવેલ હતો તે મુજબ,પત્રક – ૧ અને પત્રક – ૩ સંબંધે હાલે કોઈ ચૂકવણુ ન કરતા સદર બાબત સ્થગિત રાખવા ઠરાવવામા આવેલ હતુ જયારે પત્રક – ૨ અન્વયે નિયત થયા મુજબ જ ચૂકવણુ કરવુ તેવુ ઠરાવવામા આવ્યુ.

આ ઘટના ક્રમ આગળ વધતા, **તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ની** સભાની કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૧ : અન્વયે, તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ની સભાની મિનિટ્સ નોંધ વંચાણ સંબંધે થયેલ ચર્ચા મુજબ, સદર ચૂકવણા સંદર્ભે કોઈ વિગત વાર ચર્ચા કરી શકાય તેટલો સમયાઅવકાશ ન રહેતા સદર બાબત વધુ ચર્ચા અર્થે આગળની સભામા ફેર રજૂ કરવાનુ ઠરાવ ક્રમાંક : ૧ : દ્વારા ઠરાવવામા આવેલ હતુ.

ઉકત બાબતે પુકત ચર્ચા વિચારણા બાદ છઠ્ઠા પગાર પંચના અમલી કરણ સંદર્ભે સંબંધિતોને તફાવતની રકમના ચૂકવણા કરવા અન્વયે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨ : આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, મંજૂર થયેલ મહેકમ પર અને નિયમિત પગાર ધોરણ મેળવી યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા તેમજ ફરજ બજાવી ચૂકેલા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને છઠ્ઠા પગારના અમલીકરણ સંદર્ભે ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમનુ ચૂકવણૂ ગત તારીખ ૪થી જુલાઈ ૨૦૧૩ના રોજની સભાની મિનિટ્સ નોંધના ઠરાવ ક્રમાંક: :૧૯: અન્વયે ઠરાવવામાં આવ્યા મુજબ કરવાનુ રહેશે અને તે માટે રીપોર્ટ તૈયાર કરવાનો રહેશે સદર કાર્યવાહી પૂર્ણ કરવા સંબંધિત સત્તા માનનીય કાર્યકારી કુલપતિશ્રીને સોંપવામા આવે છે સાથે સાથે સદર બાબતે એકિઝકયૂટીવ કાઉન્સિલને પૂછવાનુ રહેતુ નથી.**

**૩. કરાર આધારિત પધ્ધતિથી માસિક ફિકસ વેતનના ધોરણે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીઓને ઈજાફો ચૂકવવા બાબત :**

કરાર આધારિત પધ્ધતિથી માસિક ફિકસ વેતનના ધોરણે નિમાયેલ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને ઈજાફો આપવા માટે થયેલ રજૂઆત સંદર્ભે ગત **તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ની** સભાની કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૭ (૨) : અન્વયે, ગંત તારીખ ૨જી ઓગષ્ટ ૨૦૧૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ ક્રમાંક : ૨ : દ્વારા નવી નિમણૂકો સંદર્ભે કોઈ પણ પ્રકારાનો આર્થિક લાભો આપવા કે કેમ તે અન્વયે કુલસચિવશ્રીએ યોગ્ય અર્થઘટન કરી ચૂકવણા કરવા સંબંધે આગળની કાર્યવાહી કાર્યકારી કુલપતિશ્રીના આદેશ મેળવી હાથ ધરવી તેવુ ઠરાવ ક્રમાંક : ૮: થી ઠરાવવામા આવેલ હતું જે સંદર્ભે યોગ્ય માર્ગદર્શનની જણાતા **તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ની** સભાની કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૧ : અન્વયે સદર ઈજાફો આપવા સંબંધે યોગ્ય માર્ગદર્શનની

પના નંબર : ૪ : પર ચાલુ..

જરૂરીયાત જણાતા તે બાબતે રજૂઆત કરવામા આવતા, તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ની સભાની મિનિટ્સ નોંધ વંચાણ સંબંધે થયેલ ચર્ચા મુજબ, સદર ચૂકવણા સંદર્ભે કોઈ વિગત વાર ચર્ચા કરી શકાય તેટલો સમયાઅવકાશ ન રહેતા સદર બાબત વધુ ચર્ચા અર્થે આગળની સભામા ફેર રજૂ કરવાનુ ઠરાવ ક્રમાંક : ૧ : દ્વારા ઠરાવવામા આવેલ હતુ જે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, ગત તારીખ ૨જી ઓગષ્ટ ૨૦૧૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ ક્રમાંક : ૨ : દ્વારા કરાર આધારિત પધ્ધતિથી માસિક ફિક્સ વેતનના ધોરણે નિમાયેલ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આર્થિક લાભ આપવા માટે ઠરાવાયેલ શરતો અન્વયે, સદર ઠરાવ બાદ, કરાર આધારિત પધ્ધતિથી માસિક ફિક્સ વેતનના ધોરણે નિમાયેલ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને પણ નિયત શરતોએ આર્થિક લાભ આપવા કે કેમ તે સ્પષ્ટ થઈ શકતુ ન હોય, સદર બાબત નિયમિત કુલપતિશ્રીની નિમણૂક થયા બાદ ફેર વિચારણા અર્થે રજૂ કરવી.**

**૪. યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૧–૧૨ માટેના નાણાકીય હિસાબોના થયેલ ઓડીટ અન્વયે મળેલ કવેરી બાબત :**

ઓડીટ એ.જી જનરલ,રાજકોટ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ માટેના નાણાકીય વ્યવહારો સંદર્ભે દર્શાવેલ કવેરી સંબંધે ઓ.એસ.ડી.(ફા.)એ તૈયાર કરેલ જવાબોની ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા સંદર્ભે ગત તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ની સભાની કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૩ : દ્વારા રજૂઆત કરવામા આવતા સદર બાબતે વિગત વાર ચર્ચા કરી શકાય તેટલો સમયાઅવકાશ ન રહેતા સદર બાબત વધુ ચર્ચા અર્થે ફેર રજૂ કરવા ઠરાવ ક્રમાંક : ૩ : દ્વારા ઠરાવવામા આવેલ હતુ જે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, ઓડીટ એ.જી જનરલ,રાજકોટ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ માટેના નાણાકીય વ્યવહારો સંદર્ભે દર્શાવેલ કવેરીનો સ્વીકાર કરવામા આવે છે.**

**૫. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) એસોસિયેશન ઓફ ઈન્ડીયન યુનિવર્સિટીની એન્યુઅલ સબસિક્રપશનીરકમ ભરવા બાબત :**

પના નંબર : ૫ : પર ચાલુ..

એસોસિયેશન ઓફ ઈન્ડીયન યુનિવર્સિટીના પત્ર ક્રમાંક NO.AC/VII/2013-14/ Dt. 5/8/ 2013 મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે એન્યુઅલ સબસિક્રપશનનીરકમ રૂા. ૫૦,૦૦૦/- ભરવાપાત્ર થાય છે સદર બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૫:** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, એસોસિયેશન ઓફ ઈન્ડીયન યુનિવર્સિટીની એન્યુઅલ સબસિક્રપશનની રકમ ભરપાઈ કારવા સંદર્ભે રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ આથી મંજૂર કરવામા આવે છે.**

**(૨) મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના એકટ મુજબ એક મેડિકલ ફેકલ્ટીને ચૂટીને નામ મોકલવા બાબત :**

મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર,ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક V.11013/1/2013—MEP-I Dt. 14 /6/ 2013 નો અત્રે તા. ૨૬/૦૮/'૧૩ના રોજ મળેલ છે તે મુજબ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના એકટની કલમ 3 (b) (I) અન્વયે દરેક યુનિવર્સિટીએ પોતાની મેડિકલ ફેકલ્ટી માંથી એક પ્રતિનિધિને સેનેટ મારફતે ચૂંટીને તે નામ મોકલવાનુ રહે છે.

ઉકત વિગતે, એક પ્રતિનિધિ મોકલવા શ્રી નવલસિંહ જાડેજાએ ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ – એકિઝકયૂટીવ કાઉન્સિલના સભ્યશ્રીના નામની દરખાસ્ત રજૂ કરતા, ડૉ.શ્રી પી. એન.દવેએ તે દરખાસ્તને ટેકો આપતા થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૬:** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના હેકટની જોગવાઈ મુજબ આ યુનિવર્સિટીની મેડિકલ ફેકલ્ટીના એક પ્રતિનિધિ તરીકે ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહની પસંદગી કરવામા આવે છે.**

**(૩) અમુક અધ્યાપકોની સેવા જોડાણ અંગે થયેલ પ્રશ્નોના જવાબ આપવા બાબત :**

આ યુનિવર્સિટી ખાતે હાલે ફરજ બજાવતા અમુક અધ્યાપકોની સેવા જોડાણ સંદર્ભે ખાનગી રહે રાજભવન, શિક્ષણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને મળેલ લેખીત રજૂઆત સંદર્ભે સદર પ્રશ્નો અંગે યોગ્ય સ્પષ્ટતા રજૂ કરવા અત્રે સંબંધિત કાર્યાલયો દ્વારા અત્રે જણાવવામા આવેલ છે જે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

પના નંબર : ૬ : પર ચાલુ..

**<u>ઠરાવ : ૭:</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, સદર બાબતે સ્પષ્ટતા રજૂ કરતા પહેલા કાયદાકીય અભિપ્રાય મેળવવો અને ત્યાર બાદ યોગ્ય સ્પષ્ટતા રજૂ કરવી.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

ઇ/ચા.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.